# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-06-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે રાજ્યવ્યાપી પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો.
- ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલે કહ્યું છે કે લોકોની ભૌતિક સુખ સુવિધાઓ વધારવામાં શ્રમિકોનું યોગદાન ખૂબ જ મહત્વનું છે.
- NEET-UG પરીક્ષા અંગે કેન્દ્રીય તપાસ સંસ્થા-CBI એ ફરિયાદ દાખલ કરી - સીબીઆઇ ગોધરા પણ તપાસ માટે પહોંચશે.
- ગુજરાત રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં નવીનતમ સંશોધનો અંગે વિવિધ સંશોધકોએ 952 પેટન્ટ મેળવી.
- દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ક્યાંક હળવોથી મધ્યમ તો ક્યાંક ભારે વરસાદની હવામાન વિભાગની વકી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## POLIO ABHIYAN - CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બાળ લકવા નાબૂદી અભિયાન – 2024 અંતર્ગત આજે રાષ્ટ્રીય રસીકરણ દિવસે રાજ્યવ્યાપી પોલીયો રસીકરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.

આ અભિયાન અંતર્ગત 0 થી પાંચ વર્ષના 83 લાખ 72 હજારથી વધુ ભુલકાઓને આવરી લેવામાં આવશે. આ માટે 1 લાખ 33 હજાર આરોગ્ય કર્મીઓ 33 હજાર 489 પોલીયો બુથ પરથી બાળકોને ટીપાં પીવડાવવાની કામગીરીમાં જોડાશે.  આજે સમગ્ર રાજ્યમાં પોલીયો રવિવાર તરીકે મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. 24 અને 25 જૂનના દિવસે આરોગ્ય કર્મીઓ ઘરે ઘરે ફરીને ભુલકાઓને ટીપાં પીવડાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રી નિવાસ સંકુલના કોમ્યુનીટી સેન્ટરમાં ભુલકાઓને પોલીયો રસીના ટીપા પીવડાવીને આ અભિયાનનો પ્રતિકાત્મક આરંભ કરાવ્યો હતો.

આ અભિયાન અંગે વધુ માહિતી આપતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મુખ્ય સચિવે આ મુજબ જણાવ્યું,

(બાઇટ- નયન જાની, અધિક મુખ્ય સચિવ)

--------------

## POLIO RAVIVAR - DISTRICT

ડાંગ જિલ્લાના વિધાનસભા નાયબ દંડક વિજય પટેલે વઘઈ ખાતે પોલિયો રસીકરણ શુભારંભ કરાવ્યો. તેમણે બાળકને પોલિયોના ટીપાં પીવડાવવાની અપીલ સાથે, બાળક સ્વસ્થ અને નિરોગીમય રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

પોરબંદર તાલુકાના બરડા વિસ્તારમાં આરોગ્ય શાખાના કર્મચારીઓએ આજે સવારથી જ ઝીરો થી પાંચ વર્ષના બાળકોને પોલિયોના ટીપા પીવડાવવાનું શરૂ કરેલ છે.

સાબરકાંઠા જિલ્લા કલેક્ટરે બાળકોને પોલીયો વિરોધી રસીના બે ટીપા પીવડાવી પોલિયો અભિયાનની શરૂઆત કરાવી હતી. જિલ્લા પંચાયત સાબરકાંઠા અને રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ યોજાયો હતો.

--------------------

## CM- MESSENGER ON CYCLE RALLY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના એચ. એલ. કોલેજ ઑફ કૉમર્સ કેમ્પસથી 'મેસેન્જર્સ ઓન સાઇકલ' રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. હેલન કેલરના ૧૪૪મા જન્મદિવસ નિમિત્તે દિવ્યાંગોના સમર્થનમાં ચેરિટી રાઈડનું આયોજન સેન્સ ઇન્ટરનેશનલ ઇન્ડિયા નામની સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.

'મેસેન્જર્સ ઓન સાઇકલ'નું આયોજન દસમી વખત થયું, જેમાં દિવ્યાંગોનો જુસ્સો વધારવા માટે સાઇકલીસ્ટસ અને રનર્સ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ રેલીમાં સાઇકલિસ્ટ માટે ૧૫ કિલોમીટર અને દોડવીરો માટે પાંચ કિલોમીટરનો રૂટ નિર્ધારિત કરવામાં આવ્યો હતો. સમગ્ર રૂટ પર પાણી, હાઇડ્રેશન તથા મેડિકલ ટીમની વ્યવસ્થા કરવામાં આવી હતી.

---------------------------

## Chief Justice Gujarat High Court

ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલે કહ્યું છે કે શ્રમિકોને તેમના અધિકારો અને કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ અપાવવામાં રાજ્ય અને જિલ્લાની કાનૂની સેવાઓની ભૂમિકા અગત્યની છે.

સુરતમાં જિલ્લા કાનૂની સત્તામંડળ દ્વારા શ્રમિકો માટેની કલ્યાણકારી યોજનાઓ અંગે કાનૂની જાગૃતિ કાર્યક્રમમાં મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતા અગ્રવાલે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે સુખી સમાજના નિર્માણ તેમજ લોકોની ભૌતિક સુખ સુવિધાઓ વધારવામાં શ્રમિકોનું યોગદાન ખૂબ જ મહત્વનું છે. વિવિધ સંગઠિત ક્ષેત્રના શ્રમિકોને કારણે જ આપણું રોજીંદુ જીવન સરળતાથી ચાલે છે. આ પ્રસંગે વડી અદાલતના ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવે સમાજમાં

શ્રમિકોના અમૂલ્ય યોગદાનને બિરદાવી જિલ્લા વહીવટીતંત્રને શ્રમિકોને લગતા દરેક લાભ અપાવવામાં મદદરૂપ થવાની તૈયારી દર્શાવી હતી.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે શ્રમિકોને રહેઠાણ, શિક્ષણ, આરોગ્ય સહિતની વિવિધ યોજનાઓના લાભો આપવામાં આવ્યા હતા.

.................................

## CBI-NEET EXAM REVISED

NEET-UG પરીક્ષા વિવાદ મામલે તપાસ કરી રહેલા કેન્દ્રીય તપાસ સંસ્થા-CBI એ પોલીસ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગના નિદેશકની ફરિયાદને આધારે આ FIR કરાઈ છે. સીબીઆઈ એ આ મામલે વિશેષ તપાસ ટીમોની રચના કરી છે, જે બિહારના પટણા અને ગુજરાતના ગોધરા રવાના થશે. પટણા અને ગોધરામાં પણ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાયેલી છે.

શિક્ષા મંત્રાલયે કથિત અનિયમતતા અને ગેરરીતિ મામલે વ્યાપક તપાસ કરવાની અપીલ કરી છે. જેમાં ઉમેદવારો, સંસ્થાઓ અને વચોટિયાઓ દ્વારા કાવતરું, ચોરી તેમજ પુરાવાઓના નાશ સહિતના બનાવો સામેલ છે. મંત્રાલયે પરીક્ષા સંચાલન સાથે જોડાયેલા લોક સેવકોની ભૂમિકા વિશે પણ તપાસ કરવાની સીબીઆઈને અપીલ કરી છે.

વ્યાપક તપાસ અને મોટા કૌભાંડને ઉજાગર કરવા સીબીઆઈએ આ મામલે દેશભરમાં થયેલા કેસોને પોતાને હસ્તક લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે શિક્ષણ મંત્રાલયે NEET (UG)ની હાલમાં

લેવાયેલી પરીક્ષામાં થયેલી ગેરરીતિ બાબતનો કેસ સીબીઆઈને સોંપ્યો હતો. મંત્રાલયે એક નિવેદનમા કહ્યું હતું કે સરકાર પરીક્ષાઓની પારદર્શિતા સુનિશ્ચિત કરવા તેમજ વિદ્યાર્થીઓના હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ છે. વધુમાં કહેવાયું છે કે જો કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા આ ગેરરીતિમાં સામેલ હોવાનું સામે આવ્યું, તો તેની સામે કડક પગલાં લેવાશે.

.................................

## GUJARAT INNOVATION

નવીનતમ સંશોધનોમાં ગુજરાત રાજ્યે હરણફાળ ભરી છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યના વિવિધ સંશોધકોએ 952 પેટન્ટ મેળવી છે.

રાજ્યમાં કાર્યરત કેન્દ્રીય અને રાજ્ય સરકારની સંશોધન સંસ્થાઓ અને વિશ્વ વિદ્યાલયોમાં નવીનતમ સંશોધનને અનુરૂપ વાતાવરણ મળતા પેટન્ટ મેળવવામાં અમદાવાદ અને વડોદરાના સંશોધકો  અગ્રિમ છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક વર્ષોમાં કાર્યરત થયેલા સ્ટાર્ટઅપ, વિશ્વ વિદ્યાલયોમાં સંશોધન પ્રવૃત્તિ માટે વિશેષ અનુદાનો ઉપરાંત પીએમ ફેલોશીપ જેવા સરકાર પ્રેરિત યોજનાઓને કારણે પેટન્ટ મેળવવાનું પ્રમાણ વધ્યું છે. રાજ્યમાં 2020 થી 2023 દરમિયાન નોંધાયેલી પેટન્ટ સંખ્યા અનુક્રમે 266, 237, 200 અને 49 છે. ચાર વર્ષમાં કુલ 952 સંશોધન પેટન્ટ મળી છે.

આદિવાસી વસ્તી ધરાવતા પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ભેસલ ગામના સોમાભાઇ પરમારના નામે પણ પશુ સારવાર માટેની પેટન્ટ નોંધાઇ છે.

----------------

## SNR KHATMUHURAT - K.BAVALIYA

જળ સંપત્તિ અને પાણી પુરવઠા કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા થાનગઢ તાલુકાના દેવળીયા ગામે યાંત્રિક મશીનરીથી તળાવ ઊંડું ઉતારવાની કામગીરીનું ખાતમુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં પાણીની સમસ્યા નિવારવા માટે અમલી 'સૌની' યોજનાની જુદી જુદી લિંક થકી પાણીની સમસ્યા હળવી બની છે. સુજલામ સુફલામ્ યોજના થકી પાણીની સંગ્રહશક્તિમાં વધારો કરી કૃષિ ક્ષેત્રમાં હરિયાળી લાવી શક્યા છીએ. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ પાણીની કોઈ સમસ્યા ન રહે તે માટે પૂરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ચાલુ વર્ષે ૧૫૦થી વધુ તળાવોના પાળા વ્યવસ્થિત રીતે રિપેરિંગ કરીને ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી છે.

.................

## VALSAD-BLOOD DONATION CAMP

વલસાડમાં વેપારી મહામંડળ દ્વારા પ્રથમ વખત રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડ હાઇવે ઉપર થતા અકસ્માતોના સમયે ગંભીર રીતે ઇજાગ્રસ્ત લોકોને સારવાર દરમિયાન ઉપરાંત સગર્ભા મહિલા, સિકલ સેલના દર્દી જેવા રોગોમાં રક્તની અછતને પહોંચી વળવા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પમાં 125 વખતથી વધુ વખત રક્તદાન કરનારા ભીખુભાઇ ભાવસારે રક્તદાન કેમ્પમાં 126મી વખત રક્તદાન કરી છીપવાડ ખાતે રહેતા યુવાનો અને વેપારીઓ અને યુવાનોને રક્તદાન અંગે પ્રોત્સાહિત કર્યા હતા.

----------------------------

## GUJARAT WEATHER _ EVENING

નૈઋત્યનું ચોમાસું આખરે રાજ્યમાં પ્રવેશી ચૂક્યું છે. જેને કારણે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના કેટલાક ભાગોમાં ધીમે ધારે તો ક્યાંક છૂટોછવાયો વરસાદ વરસ્યો હતો. કચ્છ અને ઉત્તર ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં સાંજ સુધી હવામાન સૂકું રહ્યું હતું.

હવામાન વિભાગ અનુસાર દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં બે થી આઠ ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. સૌરાષ્ટ્રમાં જામનગરના કાલાવાડમાં બે ઇંચ, અમરેલીના બાબરા અને ખાંભામાં એક-એક ઇંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં ગાંધીનગર, અમદાવાદ, વલ્લભ વિદ્યાનગર,

સુરેન્દ્રનગર અને રાજકોટમાં મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

દરમિયાન હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગરમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે. જ્યારે દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારેથી વરસાદની શક્યતા છે. તો સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ તેમજ કચ્છમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

...................................

## ANAND- COLERA

રાજ્યમાં આણંદ શહેરમાં ઝાડા-ઉલટી, અને કોલેરાના દર્દીઓ નોંધાઇ રહ્યા છે, ત્યારે આજે કોલેરાના વધુ 4 કેસ પોઝીટીવ નોંધાયા છે, જ્યારે કુલ ૪૧ કેસ ઝાડા-ઉલ્ટીના નોંધાયા છે.

ઉલ્લેખનીય છે કે ગઇકાલે આણંદની આસપાસના 10 કિલોમીટરના પરિઘના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરાયો હતો. ઇન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી મિલિંદ બાપનાએ જણાવ્યું છે કે શહેરમાં છેલ્લા ૧૫ દિવસ દરમિયાન ૭૫ જેટલા ઝાડા- ઉલટી ના દર્દીઓએ ઇન્ડોર પેશન્ટ તરીકે સારવાર મેળવી છે. અને કહ્યું છે કે આણંદ શહેરી વિસ્તારના

નગરજનો એ હાલ ક્લોરીન વાળું પાણી પીવું જોઈએ અને કોઈપણ વ્યક્તિને ઝાડા-ઉલટીની વધુ અસર જણાય તો તાત્કાલિક આણંદ જનરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે પહોંચી જવું.

-------

## DWARKA - BOAT ZADPI

દ્વારકા જિલ્લા મરીન પોલીસ અને SOG એ સલાયાના દરિયામાં ગેરકાયદેસર માછીમારી કરતી પાંચ બોટ ઝડપી પાડી છે. દ્વારકા, ઓખા, સલાયા, વાડીનાર સહિતના બંધર વિસ્તારોમાં મરીન પોલીસ અને SOG દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન ડ્રોન કેમેરા દ્વારા પાંચ બોટો ઝડપી પાડવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલ ચોમાસાની ઋતુમાં માછીમારી કરવા પર પ્રતિબંધ હોવા છચાં ગેરકાયદેસર માછીમારી પ્રવૃત્તિ ચાલી રહી હોવાથી આ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

.................

## R.R.UNI. – P.T.USHA

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા 2036માં ઓલિમ્પિક ગેમ્સનો આયોજન કરાયું છે, ત્યારે નવીન આધુનિક સાધનો-સવલતો સાથેના ભારત સેન્ટર ઓફ ઓલિમ્પિક રીસર્ચ અને શૈક્ષણિક સંકુલનો પ્રારંભ કર્યો હતો.

આ  પ્રસંગે દોડ વીર પી. ટી. ઉષા, ઓલિમ્પિક ફાઉન્ડેશનના સેક્રેટરી અજય પટેલ, પેરા ઓલિમ્પિકના સ્થાનીક વિજેતા મિસ સરિતા ગાયકવાડ સાથે વાઇસ ચાન્સેલર ડો. બિમલ પટેલ ઊપસ્થિત રહ્યા હતા.

.................

# NEWS IN BRIEF

**હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....**

- મહિસાગર જિલ્લામાં મગ પકવતા ખેડૂતોને ટેકાના ભાવે મગ વેચાણ માટે નોંધણી કરાવવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીએ અપીલ કરી છે.
- અંધત્વ નિવારણ અંગે જનજાગૃતિના ઉદ્દેશ સાથે સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ દ્વારા સુરતમાં ઇન્ડોર સ્ટેડિયમ ખાતે ઉજિયાલા કાર્યક્રમ યોજાયો.
- અમદાવાદ જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે.એ સાણંદ તાલુકાના શેલા અને તેલાવ ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લઇ પ્રજાકીય કાર્યોની સમીક્ષા કરી.
- કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ભાજપ દ્વારા ડો.શ્યામાપ્રસાદ મુખરજીની પુણ્યતિથિ નિમિત્તે તેમને પુષ્પ અર્પણ કરી શ્રધ્ધાંજલી આપવામાં આવી.
- દાહોદ જિલ્લામાં યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં કુલ 37 હજાર કેસો મુકવામાં આવ્યા હતા, જેમાંથી 6 હજાર પાંચસો કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.
- શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રી ગણપતિ અથર્વશીષ પાઠ અને શ્રી ગણેશ મહાયજ્ઞ અનુષ્ઠાનનો પ્રારંભ થયો.